વયે તેમણે આગમોનો સંપૂર્ણ અભ્યાસ કરી લીધો હતો. દિલ્હીના મહારાજા મદનપાલ શ્રી જિનચંદ્રસૂરિની અસાધારણ વિદ્વત્તા પર મુગ્ધ બની તેમના અનન્ય ભક્ત બન્યા હતા. ચૈત્યવાસી પદ્મચંદ્રાચાર્ય જેવા ઉદ્‌ભટ્ટ વિદ્વાનને શાસ્ત્રાર્થમાં પરાજીત કરવાથી તેમનો યશ દરેક દિશામાં વ્યાપ્ત થયો હતો.

મણિધારી આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિએ પોતાના મસ્તકમાં રહેલા મણિની સૂચના મૃત્યુના કેટલાક સમય પૂર્વે પોતાના ભક્તોને આપી સાવધાન કર્યા હતા કે, મારા અગ્નિસંસ્કાર પહેલાં મારા મસ્તકના મણિને દૂધનાં પાત્રમાં લઈ લેશો; અન્યથા આ અમૂલ્ય મણિ કોઈ યોગીના હાથમાં પહોંચી જશે. આ મણિ ઘણો જ પ્રભાવક અને અસાધારણ છે. મણિધારી શ્રી જિનચંદ્રસૂરિ વિ. સં. ૧૨૨૩ના બીજા ભાદરવા સુદ ૧૪ના દિવસે અનશનપૂર્વક દિલ્હીમાં કાળધર્મ પામ્યા. તેમણે શ્રાવકોને કહેલું કે, મારી પાલખી રસ્તામાં ક્યાંય નીચે મૂકશો નહીં. ભક્ત લોકોને ધ્યાન નહીં રહેવાથી તે સમયના માણેકચોકમાં પાલખીને નીચે મૂકી. પછી ત્યાંથી પાલખી ઊપડી શકી જ નહીં. પરિણામે ત્યાં જ અગ્નિસંસ્કાર આપવા પડ્યા! તે માણેકચોકને આજે પણ મહરૌલીના નામે ઓળખવામાં આવે છે. મણિધારી આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિના ઉત્તરાધિકારી શ્રી જિનપતિસૂરિ હતા. વર્તમાનમાં દિલ્હીના મહરૌલી નામના સ્થાનકે મણિધારી આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિનો ચમત્કારી સ્તૂપ છે.

### ગુર્વાજ્ઞારાધનૈકતત્પર, વિશિષ્ટ કાવ્યકાર, પ્રબંધકાર અને નાટ્યરચનાકાર

## આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

આચાર્યશ્રી રામચંદ્રસૂરિ પ્રભાવશાળી આચાર્ય હતા. તેઓ સમર્થ સાહિત્યકાર હતા. તેમને કવિકટારમલ્લનું બિરૂદ મળ્યું હતું. આચાર્યશ્રી રામચંદ્રસૂરિના ગુરુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ હતા. શ્રી હેમચંદ્રાચાર્યની શિષ્યમંડળીમાં તેમનું સ્થાન વિશિષ્ટ હતું. એક વખત રાજા સિદ્ધરાજ જયસિંહે આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી પાસે તેમના ઉત્તરાધિકારીનું નામ જાણવાની ઇચ્છાથી પ્રશ્ન કર્યો : "આપની પાટને શોભાવે એવો ઉત્તમ ગુણયુક્ત વિદ્વાન શિષ્ય કોણ છે?" ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યે તેમને પં. શ્રી રામચંદ્રને ઉત્તરાધિકારી બતાવ્યા હતા. પં. શ્રી રામચંદ્રમુનિ દિગ્ગજ વિદ્વાન હતા. સમસ્યાપૂર્તિમાં તેમની દક્ષતા આશ્ચર્યકારક હતી. એક વખતનો પ્રસંગ છે : ગ્રીષ્મ ઋતુનો સમય હતો. રાજા સિદ્ધરાજ જયસિંહ ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં જઈ રહ્યા હતા. તે વખતે પં. શ્રી રામચંદ્રજી માર્ગમાં મળી ગયા. ઔપચારિક સ્વાગત પછી સિદ્ધરાજે તેમને પ્રશ્ન કર્યો કે — "**कथं ग्रीष्मे दिवसा गुरुतराः?** — ગ્રીષ્મઋતુના દિવસો મોટા કેમ હોય છે?" મુનિરાજે પ્રશ્નના ઉત્તરમાં તત્કાલ એક સંસ્કૃત શ્લોકની રચના કરી :

"देव ! श्रीगिरिदुर्गमल्ल ! भवतो दिग्जैत्रयात्रोत्सवे
धावत्वीरतुरङ्गनिष्ठुरखुर क्षुण्णक्ष्मामण्डलात् ।

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

वातोद्धूतर जोमिलत्सुरसरित् सञ्जातपङ्कस्थली,
दूर्वाचुम्बनचञ्चुरा रविहयास्तेनाति वृद्धं दिनम् ॥

અર્થાત્, ગિરિમાળાઓ અને કિલ્લાઓ પર વિજયપતાકા ફરકાવનાર હે દેવ! તારી દિગ્વિજય યાત્રા પ્રસંગે વેગવાન અશ્વો દોડવાના કારણે તેમની ખરીઓથી ઊડેલી રજકણો આકાશગંગાને મળી. ત્યાં પાણી અને રજકણ મળવાથી દૂર્વા ઊગી. એ તાજી દૂર્વાને ખાતાં ખાતાં ચાલવાથી સૂર્યના ઘોડાઓ રોકાતા જાય છે, એ કારણે દિવસ લાંબો થયો છે." સમસ્યાની પૂર્તિરૂપ આ શ્લોક સાંભળી રાજા સિદ્ધરાજ અત્યંત પ્રસન્ન થયો અને તે જ વખતે તેમને 'કવિકટારમલ્લ'ની પદવી આપી.

શ્રી હેમચંદ્રાચાર્યના સ્વર્ગવાસ પછી ધર્મસંઘના સંચાલનની જવાબદારી આચાર્યશ્રી રામચંદ્રસૂરિ પર આવી. તે માટે તેઓ જ યોગ્ય હતા. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ પર મહારાજા કુમારપાલનો ગાઢ અનુરાગ હતો. તેમના સ્વર્ગવાસના સમાચાર સાંભળી રાજા કુમારપાલનું હૃદય શોકથી વ્યાકુળ થઈ ગયું. તે વેદનામય સમયને ધૈર્યપૂર્વક પાર કરવામાં તેને શ્રી રામચંદ્રસૂરિનો સહયોગ અત્યંત શાતાદાયક બન્યો.

આચાર્યશ્રી હેમચંદ્રસૂરિના શાસનકાળનો એક પ્રસંગ છે. વારાણસીના કવિ વિશ્વેશ્વર કોઈક સમયે પાટણ આવ્યા. તેઓ હેમચંદ્રાચાર્યની વ્યાખ્યાન સભામાં પહોંચ્યા. રાજા કુમારપાળ પણ ત્યાં હતા. વિશ્વેશ્વર કવિએ રાજા કુમારપાળને આશીર્વાદ આપતાં કહ્યું કે — "**पातु वो हेमगोपालः दण्डकम्बलमुद्वहन्** । (દંડ-કમ્બલધારી હેમગોપાલ આપની રક્ષા કરો.)" શ્રી હેમચંદ્રાચાર્યનું સંબોધન કરીને પોતાને કહેવાયેલી આ વાત રાજા કુમારપાળને ઉચિત ન લાગી. તે વખતે આચાર્યશ્રી રામચંદ્રસૂરિએ શ્લોકાર્ધની પૂર્તિ કરતાં કહ્યું કે — "**षड्दर्शनपशुग्रामं चारयन् जैनगोचरे** । (જેઓ ષડ્દર્શનરૂપ પશુઓને જૈનગોચરમાં ચારી રહ્યા છે.)" આચાર્યશ્રી રામચંદ્રસૂરિની આ શીઘ્ર રચનાથી રાજા કુમારપાળ અત્યંત પ્રસન્ન થયા. વિશ્વેશ્વર કવિ પણ તેમની પ્રત્યુત્પન્ન મતિ અને પ્રતિભાથી બધાની સામે લજ્જિત થયો.

સિદ્ધરાજ જયસિંહ વિ. સં. ૧૧૮૧માં માલવવિજય કરી પાછો ફર્યો ત્યારે જૈનોના પ્રતિનિધિરૂપે શ્રી હેમચંદ્રાચાર્યે વિજયી સિદ્ધરાજને આશીર્વચન આપ્યા હતા. આ ઘટના પછી શ્રી રામચંદ્રાચાર્યનો પરિચય સિદ્ધરાજ જયસિંહ સાથે મુનિ અવસ્થામાં થયો હતો. વિક્રમની બારમી શતાબ્દી પૂરી થયા પહેલાં જ સિદ્ધરાજ જયસિંહનું અવસાન થયું હતું.

**સાહિત્ય સર્જન :** આચાર્યશ્રી રામચંદ્રસૂરિની સાહિત્ય સાધના વિશેષ ઉલ્લેખનીય છે. તેમણે 'વ્યતિરેકાદ્વાત્રિંશિકા', 'અર્થાન્તરન્યાસદ્વાત્રિંશિકા', 'દૃષ્ટાંતગર્ભ'–જિનસ્તુતિ-દ્વાત્રિંશિકા', 'યુગાદિદેવ દ્વાત્રિંશિકા' વગેરે અનેક બત્રીશી સ્તોત્રો, એક જ અલંકારમાં પ્રયોજી કાવ્યકાર તરીકે વિશેષતા પ્રાપ્ત કરી હતી. તેવી જ વિશેષતા નાટ્યરચનાકાર તરીકે પણ પ્રાપ્ત કરી હતી. તે વખતે ગુજરાતમાં લગભગ ૨૪ નાટકો રચાયાં હતાં, તેમાંથી અગિયાર નાટકોના રચનાકાર તેઓશ્રી હતા. 'નાટ્યદર્પણ' તેમની પ્રસિદ્ધ રચના છે. 'કુમારવિહારશતક,' 'દ્રવ્યાલંકાર ગ્રંથ' પણ તેમના મુખ્ય ગ્રંથ છે, તેઓ એ સમયના શબ્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યાયશાસ્ત્રના વિદ્વાન, ઉદ્ભટ કવિ, સફળ પ્રબંધકાર અને વિશિષ્ટ નાટકકાર હતા. તેમણે રચેલા કેટલાક ગ્રંથોનો પરિચય આ પ્રમાણે છે :

નાટ્યદર્પણ : આચાર્યશ્રી રામચંદ્રસૂરિએ કેટલાક નાટક વિષયક ગ્રંથો રચ્યા છે, તેમાં 'નાટ્યદર્પણ' ગ્રંથની રચનાથી તેમની વિશેષ પ્રસિદ્ધિ થઈ છે. 'નાટ્યદર્પણ'માં તેમણે નાટક વિશે નૂતન દૃષ્ટિ આપી છે. નાટકના પ્રકારો અને રસોનાં વર્ણનોમાં તેમનું મૌલિક ચિંતન પ્રગટ થયું છે. 'ભરત નાટ્યશાસ્ત્ર' કરતાં પણ કોઈ કોઈ સ્થળે તેમનું ચિંતન વધુ મૌલિક છે. ઘણી સામગ્રીથી ભરેલો લોકોપયોગી આ ગ્રંથ સરસ પણ છે. તેમાં ચાલીસથી અધિક નાટકોનું ઉદ્ધરણ કર્યું છે. સંસ્કૃતમાં પણ ઉપલબ્ધ અને અનુપલબ્ધ નાટકોના ઉલ્લેખ છે. વિશાખાદત્તના 'દેવી ચંદ્રગુપ્ત' નામના નાટકના કેટલાંક ઉદ્ધરણોની હકીકતથી ગુપ્તકાળની ઘટનાઓનો ઇતિહાસ જાણવા મળે છે. જો કે વિશાખાદત્તનું આ નાટક આજે મળતું નથી. શ્રી રામચંદ્રસૂરિએ પોતાનાં અગિયાર નાટકોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં 'સત્યહરિશ્ચંદ્ર નાટક' ઐતિહાસિક કથા સાથે સંબંધિત છે. ઇટાલિયન ભાષામાં એનો અનુવાદ થયો છે. 'નલવિલાસ'માં સાત અંક છે. એની કથાવસ્તુનું મૂળ મહાભારત છે. એમાં અનેક સુભાષિતો છે. 'મલ્લિકામકરન્દ' એક સામાજિક ભૂમિકા પર આધારિત સુખાન્ત નાટક છે. એની કથા કાલ્પનિક છે. 'કૌમુદી મિત્રાણંદ' માં દશ અંક છે. આ નાટકની કથાવસ્તુ સામાજિક છે. 'રઘુવિલાસ' નાટકનો મૂળ આધાર રામાયણ છે. એના આઠ અંકો છે. 'નિર્ભય ભીમ વ્યાયોગ' આ રૂપકનો આધાર મહાભારત છે. આ રચના પ્રસાદગુણથી યુક્ત છે. 'રોહિણીમૃગાંક', 'રાઘવાભ્યુદય', 'યાદવાભ્યુદય' અને 'વનમાલા' એ ચાર રચનાઓ અનુપલબ્ધ છે. 'સુધાકલશ' સુભાષિતોનો કોશગ્રંથ મનાય છે.

લૌકિક વિષયો પર સાંગોપાંગ વિવેચન કરવાનું સાહસ આચાર્યશ્રી રામચંદ્રસૂરિ જેવા કોઈ વિરલ આચાર્યોમાં જ હોય છે. કવિશ્રી રામચંદ્રસૂરિ પોતાના પ્રબંધ ગ્રંથો માટે લખે છે કે —

'प्रबन्धा इक्षुवत्प्राय हीयमान रसः क्रमात् ।
कृतिस्तु रामचन्द्रस्य स्वादुः स्वादुः पुरः पुरः ॥

—બીજા પ્રબંધો શેરડી જેવા હોય છે. તેનો રસ ધીરે ધીરે ઘટતો જાય છે. રામચંદ્રના પ્રબંધો તો જેમ જેમ આસ્વાદાય, તેમ તેમ વધુ ને વધુ સ્વાદિષ્ટ બનતા જાય છે.'

દ્રવ્યાલંકારવૃત્તિ : ન્યાય અને સિદ્ધાંત પર આધારિત તથા પ્રમેય વિષયની સામગ્રી બતાવનારી આ કૃતિનો 'સ્યાદ્વાદમંજરી'માં 'तथा च द्रव्यालंकारे' કહીને ઉલ્લેખ કર્યો છે. કૃતિના પ્રકાશને અંતે મુનિશ્રી રામચંદ્ર અને મુનિશ્રી ગુણચંદ્રના નામનો ઉલ્લેખ છે. આથી તેઓની ગાઢ મૈત્રી સિદ્ધ થાય છે. આચાર્યશ્રી રામચંદ્રસૂરિ સાથે 'પ્રબંધશતકર્તૃક' વિશેષણ પણ આવે છે. તે તેમના સો ગ્રંથો કે તે નામના ગ્રંથ રચ્યાની સૂચના કરે છે. શ્રી રામચંદ્રસૂરિની કૃતિઓથી તથા સમસ્યાપૂર્તિના ઘટના પ્રસંગોથી સ્પષ્ટ છે કે ન્યાયશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને શબ્દશાસ્ત્ર તેમના મુખ્ય વિષય હતા. નાટ્યશાસ્ત્ર સંબંધી તેમનું જ્ઞાન સર્વાધિક વિશિષ્ટ હતું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણી ખ્યાતિ પ્રાપ્ત કરનાર શ્રી રામચંદ્રસૂરિના ગૃહસ્થજીવનનો પૂરો પરિચય મળતો નથી. શ્રી રામચંદ્રાચાર્ય દ્વારા લિખિત 'નલવિલાસ' નાટકના સંપાદક પંડિત લાલચંદ્ર ગાંધીના મત પ્રમાણે તેમનો જન્મ વિ. સં. ૧૧૪૫, દીક્ષાગ્રહણ વિ. સં. ૧૧૬૬, આચાર્યપદારોહણ વિ. સં. ૧૨૨૯ અને તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૨૩૦માં થયો હતો. તેમનું મૃત્યુ રાજા કુમારપાળની ગાદીએ આવનાર તેના ભત્રીજા અજયપાલ, કે જે બાલચંદ્રમુનિનો મિત્ર હતો, તેની હેમચંદ્રાચાર્યની પાટે આવવાની ઇચ્છા અને શ્રી રામચંદ્રસૂરિની સ્પષ્ટ અસંમતિ હોવાથી, રુકાવટ થતાં જાગેલા વેરભાવને કારણે થયું હતું. રાજાની આજ્ઞાથી આચાર્યશ્રી રામચંદ્રસૂરિને તપાવેલી તામ્રપટ્ટિકા ઉપર બેસાડીને તેમનો અંત કરવામાં આવ્યો હતો. ગુરુદેવની આજ્ઞાને સંપૂર્ણ વફાદાર રહી પોતાનું બલિદાન આપવાની આ ઘટના જૈન ઇતિહાસમાં શ્રી રામચંદ્રસૂરિની અમરગાથા રૂપે અંકિત બની છે.

### અચલગચ્છપ્રવર્તક અને મહાન શાસનપ્રભાવક

## આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ

આચાર્ય આર્યરક્ષિતસૂરિ સુવિહિતમાર્ગી પરંપરાના પક્ષકાર હતા, અચલગચ્છના પ્રવર્તક હતા. દર્શનાદિ અનુયોગના કર્તા પૂર્વધર આચાર્ય આર્યરક્ષિતસૂરિથી આ જુદા છે. આ આર્યરક્ષિતસૂરિના ગુરુ નાણાવાલગચ્છના (વડગચ્છના ૪૬મા પટ્ટધર) આચાર્ય જયસિંહસૂરિ હતા. તેમની પૂર્વવર્તી ગુરુપરંપરામાં ધર્મચંદ્રસૂરિ, ગુણસમુદ્રસૂરિ, વિજયપ્રભસૂરિ, નરચંદ્રસૂરિ, વીરચંદ્રસૂરિ વગેરે આચાર્યો હતા. નાણાવાલગચ્છ પ્રભાનંદસૂરિથી નીકળ્યો.

શ્રી આર્યરક્ષિતસૂરિ પ્રાગ્વાટ (પોરવાડ) ગોત્રના હતા. તેમના પિતાનું નામ દ્રોણ અને માતાનું નામ દેદી હતું. તેમનો જન્મ આબુ પાસેના દંતાણી ગામમાં વિ. સં. ૧૧૩૬ના શ્રાવણ સુદ ૯ના થયો હતો. તેમનું સંસારી નામ વયજા (ગોદુહકુમાર) હતું. બાળક વયજાના માત-પિતા જૈનધર્મ પ્રત્યે અગાધ શ્રદ્ધાવાન હતાં. એક વખત આચાર્ય જયસિંહસૂરિ દંતાણી ગામે પધાર્યા. શ્રેષ્ઠિ દ્રોણે ભક્તિભાવથી પોતાના પુત્રને ગુરુચરણે સમર્પિત કર્યો. શ્રી જયસિંહસૂરિ વયજાને લઈ ખંભાત ગયા. ત્યાં એમણે વિ. સં. ૧૧૪૨ના વૈશાખ સુદ ૮ના દિવસે બાળક વયજાને મુનિદીક્ષા આપી....અને તેમનું નામ મુનિ વિજયચંદ્ર રાખ્યું.

મુનિ વિજયચંદ્રજીએ આગમજ્ઞાન શ્રી જયસિંહસૂરિ પાસેથી મેળવ્યું. અને મંત્ર-તંત્રની વિદ્યા યતિ શ્રી રામચંદ્ર પાસેથી મેળવી. ગુરુદેવે વિ. સં. ૧૧૫૯ના માઘ સુદ ૩ના દિવસે પાટણમાં આચાર્યપદ પ્રદાન કરી શ્રી આર્યરક્ષિતસૂરિ નામથી ઉદ્‌ઘોષિત કર્યા.

આગમપાઠોનો અભ્યાસ કરતાં કરતાં તેઓશ્રીને લાગ્યું કે, વર્તમાનમાં મુનિજીવનમાં શિથિલાચાર ફેલાઈ રહ્યો છે. એટલે ગુરુદેવની આજ્ઞા મેળવી તેમણે પોતાના મામા મુનિશ્રી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org